**ક્રિ.પ.અ.નં.૬૭/૨૦૨૬ લીમડી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૮૨૧૦૩૩૨૬૦૦૪૭/૨૦૨૬ ના કામે અરજદાર:–અમીતભાઈ કમલેશભાઈ પલાસ, રહે.બોરવાણી, ખાયા ફળીયુ, તા.જી.દાહોદ ની મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ.**

(૧) અરજદાર ની અરજી વંચાણે લીધી. અરજદારે પોલીસ દ્વારા ઉપરોકત ગુનાનાં કામે કબજે કરેલ મુદ્દામાલ **TVS MOTOR COMPANY LTD. TVS JUPITER 125 જેનો રજી.નં.GJ-20-BM-2427 જેનો ચેચીસ નંબર. MD626AK45S1K00830 તથા એન્જીન નંબર.GK4KS1900025** છે તેઓ જણાવે છે કે, મુદામાલ તેઓની રોજબરોજની જરૂરીયાતનુ સાધન હોય, વચગાળાની કસ્ટડીમાં શરતોને આધીન પરત મેળવવા માટે હાલની અરજી કરેલી છે. અરજદારે તેની અરજીના સમર્થનમાં જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે વં ચાણે લીધેલ છે. અરજદારે હાલની આ અરજી દાખલ કરતાં, સદરહુ ગુનાના કામે તપાસ કરનાર અમલદારશ્રી દવારા અભિપ્રાય મંગાવામા આવેલ છે. અરજી સંદર્ભે અરજદાર તરફેના વિ.વ.શ્રી તથા સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીની રજુઆતો સાંભળવામાં આવેલ છે.

(૨) બન્ને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલ છે જે અન્વયે અરજદારના વિ.વ.શ્રી એ રજુઆત કરેલી છે કે, કબજે કરેલ મુદ્દામાલ અંગે નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું અરજદાર પાલન કરશે અને નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા ખુશી પણ છે. જેથી વચગાળાની કસ્ટડી તરીકે સદર મુદ્દામાલ સોંપવા હુકમ કરશોજી.

જયારે વિ.એ.પી.પી.શ્રીએ હાલની અરજી સબંધે પ્રોહીબીશન સબંધેના ગુનાઓની સુધારેલી જોગવાઈઓ અન્વયે રજુઆત કરી હાલની મુદામાલ અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે ,પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારશ્રીનો અભિપ્રાય વંચાણે લીધો તથા ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લીધી. હાથ પરના કેસમાં

અરજદારે માંગેલ મુદ્દામાલને લાંબો સમય સુધી સાચવણી સિવાય પડયો રહેવા દેવામાં આવે તો, તેને નુકસાન થવાની શકયતા છે અને તેના કારણે ફરીયાદ પક્ષને કોઈ ફાયદો થવાની શકયતા નથી પરંતુ, અરજદારને આર્થિક નુકસાન જવાની શકયતા છે. તેમજ અન્ય કોઈ વ્યકિતએ આજદિન સુધી મુદ્ધામાલ કલેઈમ કરેલો નથી.અરજદારે સદર મુદામાલ તેઓની માલીકીનો છે તે અંગે સદર વાહન વાહનના ગાડીના બીલની નકલ,વીમા પોલીસીની નકલ, ઓળખકાર્ડની નકલ,એફ.આઈ.આરની નકલ રજુ કરેલ છે.

(૪) અરજદારની અરજીની હકીકત તથા મૌખિક રજુઆત તથા રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લીધો તથા નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા સુંદરલાલ અંબાલાલ દેસાઈના જજમેન્ટમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા The Bombay prohibition(Gujarat Amendment)Act,2009 ની કલમ–૬ ની જોગવાઈ વં ચાણે લેવામાં આવે તો સદરહુ સુધારા ધ્વારા The Bombay prohibition Act,1949 ના મુળ કાયદામાં કલમ–૯૮ની પેટા કલમ–૨ માં નીચે મુજબના શબ્દો ઉમેરવામાં આવેલ છે.

" in the principal Act , in section 98. in sub-section(2)- after the words "order of the court", the words "but it shall not be released on bond or surety till the final judgement of the court where the quantity of the seized liquor is exceeding the quantity as may be prescribed by the rules." shall be added at the end.

(૫) આ ઉપરાંત ગુજરાત સરકાર ધ્વારા તા. ૦૬/૧૧/૨૦૧૯ નારોજ નોટીફીકેશન નં. GG/103/2019/VDR/10/2009/2061/E-1 થી Gujarat prohibition(Liquor Samples and determination of Quantity Seized Liquor) Rules, 2019 ના ઘડેલ છે. જે રૂલ્સના રૂલ નં.–૯ માં નીચે મુજબની જોગવાઈ કરેલ છે, **જેમાં ૧૦ લીટર શબ્દની જગ્યાએ ૨૦ લીટર કરવામાં આવેલ છે.**

1) These rules may be called the Gujarat

prohibition(Liquor Samples and determination of Quantity Seized Liquor) Rules,2019.

2) In the Gujarat prohibition(Liquor Samples and determination of Quantity Seized Liquor) Rules, 2012, in rule 9, for the words “ ten liters “, the words “twenty liters “shall be substituted.

જેથી ગુજરાત સરકાર ધ્વારા ધી પ્રોહીબીશન એકટનલ કલમ–૯૮(૨) માટે ઉપરોકત રૂલ–૯ ધ્વારા પકડાયેલ લીટરનો જથ્થો ૨૦ લીટર નકકી કરેલ છે. જેથી The Bombay prohibition(Gujarat Amendment)Act,2009 ની કલમ ૯૮ તથા Gujarat prohibition(Liqour Sample and determination of quantity Seized Liqour ) Rules , 2019 રૂલ–૯ સાથે વંચાણે લેતાં સદરહુ એકટની કલમ–૯૮(૧) અન્વયે પકડાયેલ કોઈપણ મુદામાલ લીકર જો ૨૦ લીટર કરતાં વધારે માત્રામાં હોય તો જે કોઈ વાહન વિગેરેમાં લઈ જવામાં આવતો હોય તે વાહન વિગેરેને કેસના આખરી નિકાલ સુધી બોન્ડ કે સિયોરીટી ઉપર છોડી શકાય નહીં તેવી મેન્ડેટરી પ્રોવીઝન કરેલ છે, અરજદાર નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા સુંદરલાલ અંબાલાલ દેસાઈના જજમેન્ટ ઉપર આધાર રાખતા હોવાની દલીલ કરેલ છે. પરંતુ આ કામે કલમ–૯૮(૨) તથા ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતાં અરજદારને મુદામાલ પરત સોંપવા આ અદાલતને હકુમત જ ન હોય, સદર ચુકાદો અરજદારને મદદરૂપ થતો નથી.

(૬ ) આ ઉપરાંત હાલમાં ગુજરાત સરકાર ધ્વારા ઓડીનન્સ નં.૭ સને ૨૦૧૬ તા.૧૯/૧૨/૨૦૧૬ થી તે પ્રોહીબીશન એકટ હેઠળના ગુન્હાઓને વધુ ગંભીર ગણાવી તેમાં સજામાં વધારો કરતું જાહેરનામું બહાર પાડેલ છે જે ઓડીન્સમાં ગુજરાત સરકાર ધ્વારા એવી હકીકત જણાવેલ છે કે, "It has come to the notice of the state Government that with increase of facilities in transportation and communication, it has become rather easier for the bootleggers and offenders to indulge in transportation of iqour from other state to this state and

from one place to another in the state. In order to implement the strict policy of prohibition more strictly and more vigorously, it is inevitable that the transportation of the Liquor is restricted to the greatest extent. It is also inevitable that the other activities relating to liquor like manufacturing, bottling, selling, buying, are also restricted as far as possible." જે સંજોગોમાં હાલની અરજી જે કેસમાં કરેલ છે તે કેસમાં પણ સદરહું વાહન દારૂના જથ્થાની હેરફેર માટે લઈ જતાં પકડાયેલ છે. જેથી જો હાલનું વાહનને બોન્ડ અથવા સિયોરીટી ઉપર છોડવામાં આવે તો કાયદાનો મુળ હેતુ માર્યો જાય તેમ છે.

(૭) જે સંજોગો ઉપર કરેલ ચર્ચા મુજબ ગુજરાત ધારાસભા ધ્વારા કાયદો ઘડતી વખતે ૨૦ લીટર કરતાં વધારે લીકરનો મુદામાલ જે વાહનમાંથી પકડાયેલ છે તે વાહનને વચગાળાની કસ્ટડીએ સોંપવા અદાલતની સતા જ બાધીત કરેલ હોય, હાલના કેસમાં મુદામાલ પકડાયેલ છે તે **૩૫.લીટર તથા ૫૦૦ મી.લી.** હોય જેથી ઉપરોકત એકંદર હકીકતે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-//હુકમ//-</u>**

૧) અરજદારની હાલની મુદામાલ વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવાની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) ખર્ચ સબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ:-૧૮મી,માંહે:-માર્ચ, સને:-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળાવી જાહેર કર્યો.

તા.૧૮.૦૩.૨૦૨૬
ઝાલોદ.

**(ડો.આઈ.એસ.ભાટી )**
**એડી.ચીફ.જ્યુડી. મેજીસ્ટ્રેટ.,**
**ઝાલોદ**